# દક્ષિણ ગુજરાતનાં ટ્રસ્ટો રામભરોસે

**7 જિલ્લાની** એકમાત્ર સંયુક્ત ચેરિટી કમિશનર કચેરીમાં 15 વર્ષથી ચાર્જમાં ગાડું ગબડે છે

**પ્રદેશ** કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકની સીએમ અને ડે.સીએમને રજૂઆત

### બંને કચેરીઓમાં સ્ટાફની પણ ભારે આછત

વધુમાં બંને કચેરીમાં મંજૂર સ્ટાફની સરખામણીમાં ઘણો ઓછો સ્ટાફ કાર્યરત છે. સ્ટેનોગ્રાફરના મહેકમ રદ થતાં કેસોની કાર્યવાહી વધુ ધીમી બની છે. નોંધપાત્ર બાબત એ છે કે સુરત ચેરિટી કચેરીમાં દર વર્ષે ટ્રસ્ટો તરફથી આશરે 5 કરોડ રૂપિયાનો ફાળો ભરાય છે, જેમાંથી અધિકારીઓ અને સ્ટાફનો પગાર ચૂકવાય છે. તેમ છતાં સરકાર દ્વારા કાયમી અધિકારી અને પૂરતા કર્મચારીઓની નિમણૂક કરવામાં આવતી નથી.

સુરતઃ દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગ, નર્મદા અને તાપી સહિત કુલ 7 જિલ્લાઓ માટે એપેલેટ ઓથોરિટી તરીકે કાર્ય કરતી સુરત સ્થિત સંયુક્ત ચેરિટી કમિશનર કચેરીમાં છેલ્લા 15 વર્ષથી કાયમી અધિકારીની નિમણૂક કરવામાં આવી નથી. હાલ આ કચેરી ઈન્ચાર્જ અધિકારીના હવાલે ચાલી રહી હોવાથી અંદાજે 40થી 45 હજાર નોંધાયેલા જાહેર ટ્રસ્ટોના કામકાજ પર ગંભીર અસર પડી રહી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી તથા ગૃહમંત્રી હર્ષ સંઘવી, રાજ્યકક્ષાના મંત્રી કૌશિક વેકરિયા તથા જિલ્લા કલેક્ટરને પત્ર લખી તાત્કાલિક કાયમી નિમણૂક કરવાની માંગ કરી છે. પત્રમાં જણાવ્યા મુજબ હાલ ઈન્ચાર્જ ચેરિટી કમિશનર સી.કે. જોશી સાહેબને રાજકોટ, ભાવનગર અને સુરત ત્રણ કચેરીઓનો ચાર્જ સોંપવામાં આવ્યો છે, જેના કારણે તેઓ અઠવાડિયામાં માત્ર બે દિવસ સુરત આવે છે. પરિણામે અપીલ, રિવિઝન, સ્કીમ અરજી, ટ્રસ્ટ મિલકત વેચાણ મંજૂરી, ન્યાય પરચુરણ અને દાવો દાખલ પરવાનગી જેવી મહત્વની અરજીઓ વર્ષોથી પેન્ડિંગ રહી છે.

સુરત સ્થિત જાહેર ટ્રસ્ટ નોંધણી કચેરીમાં પણ નાયબ ચેરિટી કમિશનરની જગ્યા 2024થી ખાલી છે. અહીં આશરે 20થી 25 હજાર ટ્રસ્ટ નોંધાયેલા છે અને દર મહિને 100થી 150 નવા ટ્રસ્ટોની નોંધણી થાય છે. ઈન્ચાર્જ વ્યવસ્થાને કારણે નોંધણી હુકમો તથા ટ્રસ્ટીઓના નામ ફેરફાર રિપોર્ટો સમયસર થતા નથી.

કોંગ્રેસ સમિતિએ સ્પષ્ટ કર્યું છે કે જો કાયમી નિમણૂક કરવામાં આવે તો સરકારની તિજોરી પર કોઈ વધારાનો ભાર નહીં પડે, છતાં હાલની બેદરકારીથી ટ્રસ્ટો તેમજ અરજદારો હેરાન-પરેશાન થઈ રહ્યા છે.

આ મુદ્દે દર્શન નાયકે રાજ્ય સરકારને તાત્કાલિક અસરથી સંયુક્ત ચેરિટી કમિશનર તથા મદદનીશ ચેરિટી કમિશનરની કચેરીમાં કાયમી નિમણૂક કરવાની અપીલ કરી છે અને લોકહિતમાં ત્વરિત પગલાં લેવાની માગ કરી છે.

---

**દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો આક્ષેપો સામે "નિયમ બતાવીને" બચાવ**

# "આ GeMના નિયમ મુજબ છે" આક્ષેપોનો એક જ જવાબ

**અત્યાર** સુધી નવા કોન્ટ્રાક્ટરે એકપણ સિક્યોરિટી ગાર્ડના પોલીસ વેરિફિકેશન કે માર્કશીટ જમા કરાવી નથી

### યુનિવર્સિટીના રજિસ્ટ્રાર એકેય પ્રશ્નનો જવાબ આપી શક્યા નથી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશો પાસે ટેન્ડરોની શરતોની માંગણી કરવામાં આવી હતી. અત્યારે કોન્ટ્રાક્ટરના કેટલા માણસો રોજ હાજર રહે છે તેની વિગત માંગવામાં આવી હતી. આ સિવાય જે માણસો હાજર છે તેમના પોલીસ વેરિફીકેશન સહિતના પુરાવા જમા થયા છે કે નહી તે વિગત માંગી હતી, પરંતુ આ પૈકી એકેયની વિગત તેમના દ્વારા અપાઈ નથી.

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સિક્યુરિટી ટેન્ડરને લઈને ઉઠેલા ગંભીર આક્ષેપો સામે તંત્રની પ્રતિક્રિયા અનેક શંકાઓ ઉભી કરી રહી છે. તમામ પ્રશ્નો અને આક્ષેપો બાબતે તંત્ર માત્ર એક જ લાઈનમાં ટેન્ડર GeMના નિયમ મુજબ છે તેવો જવાબ આપી રહ્યું છે.

તંત્ર દ્વારા આપવામાં આવેલી ટેક્નિકલ સ્પષ્ટતાઓ હવે ચર્ચાના કેન્દ્રમાં આવી ગઈ છે. તંત્રનું કહેવું છે કે ટેન્ડર પ્રક્રિયા સંપૂર્ણપણે GeM, GFR અને PSARAના નિયમો મુજબ છે. ટેન્ડરની શરતો બાબતે પણ યુનિવર્સિટી જવાબ આપી રહી નથી. જુના ટેન્ડર અને નવા ટેન્ડરની શરતોની માહિતી આપવામાં પણ યુનિવર્સિટી ગોળ ગોળ જવાબ આપી રહી છે. હાલ નવા સિક્યોરિટી કોન્ટ્રાક્ટરના કેટલા માણસો કાર્યરત છે તેની પણ પુરતી માહિતી તેમની પાસે નથી. ટેન્ડરની શરતો મુજબ 79 માણસની જરૂરિયાત સામે હાલ માત્ર 25થી 30 સિક્યોરિટી ગાર્ડ કામ ઉપર છે. તેમાયે એક પણ ગાર્ડના પોલીસ વેરિફીકેશન, માર્કશીટ કે પુરાવા હજી સુધી યુનિવર્સિટીના સિક્યોરિટી ઓફિસરને આપવામાં આવ્યા નથી.

આ અંગે યુનિવર્સિટીના કુલસચિવને પુછવામાં આવતા તેમણે કોઈપણ સ્પષ્ટતા કર્યા વગર ગોળ ગોળ વાતો કરી હતી.

---

**બોર્ડ પરીક્ષામાં 'ઝીરો ટોલરન્સ': આચાર્યને કેન્દ્ર સંચાલનની સીધી જવાબદારી**

# સગાં પરીક્ષાર્થી હશે તો કર્મચારીને ફરજ નહીં સોંપાય

**પ્રેક્ટિકલ** માર્ક્સ એ જ દિવસે ઓનલાઈન અપલોડ ફરજિયાત

### ધોરણ-૧૨ સાયન્સ પ્રેક્ટિકલ આજથી, માર્ક્સ એ જ દિવસે અપલોડ કરવાના

ધોરણ-૧૨ સાયન્સના રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયની પ્રેક્ટિકલ પરીક્ષાનો પ્રારંભ ૫ ફેબ્રુઆરીથી થશે. બોર્ડે સ્પષ્ટ સૂચના આપી છે કે, પ્રેક્ટિકલના ગુણ તે જ દિવસે ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ગુણ એન્ટ્રી માટે કેન્દ્ર કોડ અને બિલ્ડિંગ કોડથી લોગઇન કરવાનું રહેશે, જ્યારે ગુણ પરીક્ષાર્થીને ફાળવેલા સીટ નંબરના આધારે ભરવાના રહેશે. તે સાથે ધોરણ-૧૦ના શાળા કક્ષાના વિષયોના ગુણ પણ ૫થી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન બોર્ડને મોકલવાના રહેશે.

સુરતઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની મુખ્ય જાહેર પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થવા જઈ રહી છે. પરીક્ષાની પારદર્શિતા, નિષ્પક્ષતા અને ગોપનીયતા જળવાઈ રહે એ માટે બોર્ડે આ વખતે સંચાલન વ્યવસ્થામાં કડક ફેરફારો અમલમાં મૂક્યા છે.

નવા નિયમો અનુસાર હવે દરેક પરીક્ષા કેન્દ્ર પર શાળાના આચાર્યને જ સ્થળ સંચાલક તરીકે ફરજ બજાવવી પડશે. અન્ય કોઈ કર્મચારીને આ જવાબદારી સોંપી શકાશે નહીં. જો કોઈ શાળામાં ધોરણ-૧૦ અને ૧૨ માટે અલગ બે કેન્દ્ર હશે, તો એક કેન્દ્ર આચાર્ય અને બીજું કેન્દ્ર શાળાના સૌથી વરિષ્ઠ શિક્ષક સંભાળશે. બોર્ડે મહત્ત્વનો નિર્ણય લેતા સ્પષ્ટ કર્યું છે કે પરીક્ષા ફરજમાં જોડાયેલા કોઈપણ કર્મચારીના નજીકના લોહીનાં સગાં જો પરીક્ષાર્થી હશે, તો તે કર્મચારીને પરીક્ષા કેન્દ્ર પર કોઈ પણ ફરજ આપવામાં આવશે નહીં.

આ નિયમ માત્ર આચાર્ય પૂરતો મર્યાદિત નથી, પરંતુ તમામ પરીક્ષા સ્ટાફ માટે ફરજિયાત બનાવાયો છે. જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું કે દરેક બ્લોકમાં શાંતિપૂર્ણ માહોલ જળવાય, ગેરરીતિ અટકે અને બોર્ડની તમામ સૂચનાઓનું પાલન થાય તેની સંપૂર્ણ જવાબદારી સ્થળ સંચાલકની રહેશે. પરીક્ષા દરમિયાન જરૂરી દેખરેખ સ્ટાફની વ્યવસ્થા, તેમની હાજરી અને બહાલી લેવાની કામગીરી પણ આચાર્યે જાતે કરવાની રહેશે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ સ્તરે બેદરકારી સામે કડક કાર્યવાહી થશે.

---

# ઉધનાથી ચારલા પલ્લી વચ્ચે દોડશે વિશેષ ટ્રેન

**ટ્રેન** જલગાંવ, અકોલા, નાંદેડ, નિઝામાબાદ સહિતનાં સ્ટેશન પર ઊભી રહેશે

સુરત : પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને ટ્રાફિકના ભારણને હળવો કરવા માટે ઉધનાથી ચારલાપલ્લી (તેલંગાણા) વચ્ચે વિશેષ ભાડા સાથે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી 6 ફેબ્રુઆરીથી શરૂ થનારી આ ટ્રેન બંને દિશામાં કુલ 6 ટ્રિપ્સ લગાવશે, જેનાથી દક્ષિણ ભારત તરફ જતા મુસાફરોને મોટી રાહત મળશે.વડોદરા ડિવિઝનના પીઆરઓ અનુભવ સક્સેનાના જણાવ્યા અનુસાર ટ્રેનનું સમયપત્રક જાહેરકરવામાં આવ્યું છે. આ સ્પેશિયલ ટ્રેન માર્ગમાં નંદુરબાર, જલગાંવ, ભુસાવલ, મલકાપુર, અકોલા, વાશિમ, હિંગોલી ડેક્કન, બાસમત, પૂર્ણા, નાંદેડ, મુદખેડ, ધર્માબાદ, બસર, નિઝામાબાદ, કામરેડ્ડી અને મેડચલ સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં મુસાફરોને ફર્સ્ટ એસી, એસી-2 ટાયર, એસી-3 ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ ની સુવિધા મળશે. ટ્રેન નં. 07509 માટે બુકિંગ આવતીકાલે એટલે કે 5 ફેબ્રુઆરી, 2026 થી તમામ PRS કાઉન્ટરો અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે.

### આ રીતે છે ટ્રેનનું શિડ્યુલ

ટ્રેન નં. 07509 (ઉધના-ચારલા પલ્લી): દર શુક્રવારે રાત્રે 22:45 કલાકે ઉધનાથી ઉપડશે અને બીજા દિવસે સાંજે 19:00 કલાકે ચારલા પલ્લી પહોંચશે. (6 થી 20 ફેબ્રુઆરી સુધી)ટ્રેન નં. 07508 (ચારલા પલ્લી-ઉધના): દર ગુરુવારે રાત્રે 23:30 કલાકે ચારલા પલ્લી થી ઉપડશે અને બીજા દિવસે રાત્રે 20:30 કલાકે ઉધના પરત ફરશે. (5 થી 19 ફેબ્રુઆરી સુધી)

---

# TATમાં અનામત ઉમેદવારો માટે પાસિંગ માર્ક્સ 55 ટકા

**જૂના** નિયમમાં અનામત ઉમેદવાર માટે ફેરફાર કરાયો, જનરલ માટે 60 ટકાનો નિયમ યથાવત

અમદાવાદ : રાજ્યમાં ટેટ (એસ) અને ટેટ (એચએસ) પરીક્ષાને લઈ શિક્ષણ વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ટેટ પરીક્ષામાં એસસી, એસટી, ઓબીસી, ઈડબલ્યુએસ સહિતની અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પાસિંગ માર્ક્સ 55 ટકા કરવામાં આવ્યા છે. જૂના નિયમ મુજબ તમામ વિદ્યાર્થીઓ માટે 60 ટકા માર્કની જોગવાઈ હતી. અનામત કેટેગરીના વિદ્યાર્થીઓએ પ્રાથમિક શાળાની જેમ હાઈસ્કૂલમાં પણ પાસીંગ માર્કસમાં ફેરફારની માંગણી કરી હતી.

શિક્ષણ વિભાગ દ્વારા ટેટ પરીક્ષામાં તમામ ઉમેદવારો માટે પાસિંગ માર્ક્સ 60 નક્કી કરવામાં આવ્યા હતા. જોકે શિક્ષણ વિભાગે હવે અનામત કેટેગરીના ઉમેદવારો માટે આ મર્યાદા ઘટાડીને 55% કરી છે. જ્યારે જનરલ કેટેગરીના ઉમેદવારો માટે 60% યથાવત રાખ્યા છે.

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ ભરતી માટે લેવાતી ટાટ પરીક્ષામાં અનામત કેટેગરી માટે 55 ટકા અને જનરલ માટે 60 ટકા પાર્સિંગ માર્કસનો નિયમ પહેલેથી અમલમાં હતો, પરંતુ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે 60% માર્કસની જોગવાઈ કરવામાં આવી હતી.

જેના પગલે આ વિસંગતતા દૂર કરવા માટે એસસી, એસટી, ઓબીસી, અને ઈડબલ્યુએસ કેટેગરીના ઉમેદવારોએ સરકારમાં રજૂઆત કરી હતી. આથી શિક્ષણ વિભાગે નવો પરિપત્ર બહાર પાડ્યો છે.

---



# કતારગામમાં ઓઈલ ઢોળાતાં વાહનો સ્લિપ થયાં

**ફાયર** બ્રિગેડની ટીમે રસ્તો કોર્ડન કરી સતત પાણીનો છંટકાવ કર્યો

સુરતઃ અશ્વિનીકુમાર રોડથી કતારગામ GIDCને જોડતા પ્રમુખસ્વામી ઓવરબ્રિજ પર બુધવારે બપોરે ઓઈલ ઢોળાવાને કારણે રસ્તો અત્યંત લપસણો બની ગયો હતો. આ સમયે અહીંથી પસાર થતાં અનેક વાહનો સ્લિપ થઈ ગયાં હતાં.

કતારગામ GIDCને જોડતા પ્રમુખસ્વામી ઓવરબ્રિજ પર ઓઈલ પડ્યું હતું. જેના કારણે ડઝનબંધ વાહનચાલકો સ્લિપ થવા સાથે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. બ્રિજ પર ઓઈલ ઢોળાયા બાદ તેના પરથી પસાર થતી મોટરસાઈકલો કાબૂ બહાર જઈ લપસતી હોવાના લાઈવ વિડીયો સામે આવ્યા હતા. દરમિયાન અહીંથી પસાર થતાં રાહદારીઓએ ફાયર કંટ્રોલ રૂમને જાણ કરી હતી. આથી કાપોદ્રા ફાયરનો કાફલો સ્થળ ઉપર પહોંચ્યો હતો. ફાયર સબ ઓફિસર વિનોદ રોજીવાડિયાએ જણાવ્યું હતું કે, સદનસીબે આ અકસ્માતોમાં કોઈ જાનહાનિના સમાચાર નથી,

---

**SVNIT-ગેરીના અંતિમ રિપોર્ટ રજૂ પણ વિભાગીય તપાસ અને બ્લેકલિસ્ટ ક્યારે?**

# તડકેશ્વરની નવનિર્મિત ટાંકી તૂટવા માટે કોન્ટ્રાક્ટર જ જવાબદાર

**કોન્ટ્રાક્ટર** જયંતી સુપર કન્સ્ટ્રક્શને નબળું કોંક્રીટ વાપર્યું, બાંધકામમાં બેદરકારી બતાવી

**કોન્ટ્રાક્ટરે** ટેન્ડરની શરતોનું પણ ખુલ્લું ઉલ્લંઘન કર્યું હતું, હવે સરકારનાં પગલાં પર નજર


હિતેશ પટેલ

માંડવીઃ માંડવીના તડકેશ્વર ખાતે પાણીની ટાંકી ધરાશાયી થવાની દુર્ઘટનામાં હવે જવાબદારો સામે કડક કાર્યવાહી થવાની દિશામાં સત્તાવાર પ્રક્રિયા શરૂ થતી દેખાઈ રહી છે. એસવીએનઆઈટી અને ગેરી દ્વારા રજૂ કરાયેલા તપાસણી રિપોર્ટમાં બાંધકામમાં ગંભીર બેદરકારી, નબળી કારીગરી અને ટેન્ડર શરતોના ખુલ્લા ઉલ્લંઘનનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવતાં સમગ્ર પ્રકરણમાં નવા વળાંક આવ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ રિપોર્ટના આધારે પાણી પુરવઠા વિભાગ દ્વારા હવે જવાબદાર કોન્ટ્રાક્ટર, સલાહકાર એજન્સી તેમજ સંબંધિત અધિકારીઓની ભૂમિકા અંગે વિભાગીય તપાસ શરૂ કરવાની તૈયારી હાથ ધરાઈ છે. ખાસ કરીને ટેન્ડરની શરતો મુજબ એમ-30 ગ્રેડના કોંક્રીટના ઉપયોગ બદલે નીચી ગુણવત્તાનું કોંક્રિટ વપરાયું હોવાના પુરાવાઓ સામે આવતાં જવાબદારી નિશ્ચિત કરવી અનિવાર્ય બની છે. નિષ્ણાતોના મતે આ દુર્ઘટના માત્ર માળખાકીય નિષ્ફળતા નહીં, પરંતુ જાહેર નાણાં અને માનવજીવન સાથે થયેલા ગંભીર રમખાણનું ઉદાહરણ છે.

### અધિકારીઓની ભૂમિકા પણ શંકાસ્પદ

તપાસણી રિપોર્ટમાં સાઇટ સુપરવિઝન, કોંક્રીટ ટેસ્ટિંગ અને ગુણવત્તા નિયંત્રણ પ્રક્રિયામાં થયેલી ગંભીર ઉણપો સામે આવતાં હવે સંબંધિત ઇજનેરો અને અધિકારીઓની ભૂમિકા પણ તપાસના દાયરામાં આવી ગઈ છે. બાંધકામ દરમિયાન જરૂરી ટેસ્ટ રિપોર્ટ, ક્યુબ ટેસ્ટ અને સાઇટ નિરીક્ષણમાં આંખમિચામણા થયા હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### રિપોર્ટ બાદ કોન્ટ્રાક્ટર સામે બ્લેકલિસ્ટનો ભય

ગેરી દ્વારા બાંધકામને 'નાપાસ' જાહેર કરાયા બાદ મહેસાણાના બાબુભાઈ અંબાલાલ પટેલની જયંતી સુપર કન્સ્ટ્રક્શન એજન્સી સામે બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી હાથ ધરાય તેવી શક્યતાઓ પ્રબળ બની છે. સરકારી સૂત્રોના જણાવ્યાનુસાર જો પ્રાથમિક તપાસમાં બેદરકારી સાબિત થશે તો કોન્ટ્રાક્ટરની જામીન રકમ જપ્ત કરવાની સાથે ભવિષ્યના સરકારી કામોમાં પ્રતિબંધ મૂકવામાં આવી શકે છે.

---

# રાજસ્થાનની યુવતી પર ગેંગરેપ કરનારાના બે દિવસનાં રિમાન્ડ

**વેઇટર** મહંમદ તોહીદુલે તુષાર નામ ધારણ કર્યું હતું

સુરતઃ શહેરના પાશવી માનસ ધરાવતા બે શખ્સોએ રાજસ્થાનના કોટાની એક યુવતીને પોતાની જાળમાં ફસાવી સુરત બોલાવી હતી. આરોપીઓએ યુવતીને કેફી પીણું કે નશાકારક ઈન્જેક્શન આપી બેભાન કરી તેની પર વારંવાર બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ મામલે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી બંને નરાધમોને દબોચી લીધા છે. પોલીસે બંને આરોપીની વધુ પૂછપરછ માટે કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

રાજસ્થાનના કોટા પંથકની એક 21 વર્ષીય યુવતી સોશિયલ મીડિયાના માધ્યમથી સુરતના અમન નામના યુવકના સંપર્કમાં આવી હતી. ગત 25 ડિસેમ્બરના રોજ બંને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી. અમનનો 1 જાન્યુઆરીએ જન્મદિવસ હોવાથી યુવતીને લલચાવી-ફોસલાવીને બર્થડે સેલિબ્રેશન કરવા માટે સુરત આવવા આમંત્રણ આપ્યું હતું. મિત્રતાના વિશ્વાસે યુવતી કોટાથી સુરત આવી પહોંચી હતી, પરંતુ તેને અંદાજ નહોતો કે અહીં તેની સાથે હેવાનિયતની તમામ હદો પાર કરવામાં આવશે."યુવતી વિશ્વાસ રાખી સુરત આવી પહોંચી ત્યારે આ બંને નરાધમોએ અસલી ચહેરો બતાવ્યો હતો. આરોપીઓએ યુવતીને અવાવરુ સ્થળે કે હોટલમાં લઈ જઈ તેને નશાકારક ઈન્જેક્શન આપી દીધા હતા. યુવતી અર્ધબેભાન અવસ્થામાં હોવાનો લાભ ઉઠાવી અમન અને મહંમદ તોહીદુલે તેની પર વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. ચુંગાલમાંથી છૂટ્યા બાદ પીડિત યુવતીએ હિંમત ભેગી કરી કોટામાં ફરિયાદ કરી હતી. રાંદેર પોલીસે જણાવ્યું હતું આરોપીઓમાં 21 વર્ષીય અમન ઉર્ફે સાગર અજય ગયાપ્રસાદ વર્મા (જે હોટલમાં વેઈટર તરીકે કામ કરે છે) અને 28 વર્ષીય મહંમદ તોહીદુલ ઉર્ફે તુષાર (જે દરજી કામ કરે છે અને મૂળ બંગાળનો વતની છે) નો સમાવેશ થાય છે.

### "હિન્દુ નામ ધારણ કરી મહંમદ તોહીદુલે યુવતીને જાળમાં ફસાવી

આ સમગ્ર કેસમાં સૌથી ચોંકાવનારી વિગત એ સામે આવી છે કે, મુખ્ય આરોપીઓ પૈકીના એક મહંમદ તોહીદુલે પોતાની અસલી ઓળખ છુપાવી હતી. તોહીદુલે પીડિતાને પોતે હિન્દુ હોવાનું જણાવ્યું હતું અને પોતાનું નામ 'રોહિત ઉર્ફે તુષાર' હોવાની ખોટી ઓળખ આપી હતી. ધર્મ અને નામ છુપાવીને યુવતીનો વિશ્વાસ જીત્યા બાદ તેને પોતાના સકંજામાં લીધી હતી. આ રીતે સોશિયલ મીડિયા પર ફેક પ્રોફાઈલ અને ખોટી ઓળખ ઉભી કરી યુવતીને પ્રેમજાળમાં ફસાવવાનું આયોજનબદ્ધ કાવતરું ઘડવામાં આવ્યું હતું."

---

**અનુસંધાન**... પાના છેલ્લાનું

#### એક તરફ...

જ 50 ટકા ઓછો કરવાનો હોય ત્યારે સ્વાભાવિક છે કે જે તે કામના બાંધકામની ગુણવત્તા નબળી જ રહે. ભૂતકાળમાં આવી સ્થિતિ નહોતી એટલે બાંધકામો ટકતાં હતા પરંતુ હાલમાં ટકાવારી એટલી વધી ગઈ છે કે કોન્ટ્રાક્ટર સારૂં બાંધકામ કરવા માટે ઈચ્છે તો પણ કરી શકે જ નહીં.

#### કેવી રીતે...

- કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરી કરી દેવાયા બાદ બિલ મંજૂર કરીને નાણાં કઢાવવા માટે પણ એકથી બે ટકા આપવાનો રિવાજ છે.
- આ ઉપરાંત વિપક્ષોથી માંડીને આરટીઆઈ એક્ટિવિસ્ટ તેમજ અન્ય માથાભારે તત્વો પણ કોન્ટ્રાક્ટર પાસેથી નાણાં પડાવે છે
- તમામ સ્તર મળીને કોન્ટ્રાક્ટર દ્વારા આશરે 10થી 15 ટકા નાણાં તો વહેંચી દેવામાં આવે છે

#### ગુજરાત સિવાયના...

કહેવાતું હતું કે 'સવારે તેઓ સ્કૂટર તૈયાર જ રાખે છે અને જેવી કપચી કે રેતીની ટ્રક દેખાય કે તેની પાછળ દોડવા માંડે છે'.

#### માછલીપીઠમાં...

દોડધામ મચી ગઈ છે. નોંધનીય છે કે, આ જ પટ્ટા પર અગાઉ બે વખત 50 થી 100 મીટરના અંતરે મોટા ભુવા પડી ચૂક્યા છે, જ્યારે આ ત્રીજી ઘટના અગાઉના સ્થળથી માત્ર 20 મીટરના અંતરે સર્જાઈ છે. અહી ફરીવાર અંદાજિત 22 ફૂટ ઊંડો ભુવો પડ્યો છે. આ વિસ્તારમાં આ ત્રીજી વખત આવી ઘટના બની છે, જે મેટ્રોની અંડરગ્રાઉન્ડ ટનલ બોરિંગ અને સંબંધિત કામગીરીને કારણે થઈ હોવાનું સ્થાનિકોનું કહેવું છે. આ ઘટનાની ગંભીરતા જોતા મેટ્રો પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક અસરથી કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મેટ્રો પ્રશાસને સત્તાવાર ખુલાસો કરતા જણાવ્યું હતું કે, ટનલ બોરિંગ મશીન (TBM) આ ચોક્કસ સ્થળ પરથી આશરે બે મહિના અગાઉ જ પોતાનું કામ પૂરું કરીને પસાર થઈ ચૂક્યું છે અને હાલમાં આ મશીન ઘટનાસ્થળથી આશરે 500 મીટર જેટલા સુરક્ષિત અંતરે કાર્યરત છે, જેથી મેટ્રોની કામગીરીને કારણે આ ભુવો પડ્યો હોવાની વાતને નકારી કાઢવામાં આવી છે.

તપાસ દરમિયાન આ સ્થળે એક જૂના મકાનની નીચે ઈંટકામથી ચણાયેલો વર્ષો જૂનો ભૂગર્ભ પાણીનો ટાંકો તથા એક ડ્રેનેજ પાઈપલાઈન મળી આવી છે. મેટ્રો અધિકારી દ્વારા જણાવાયું છે કે, આ અત્યંત જૂના માળખામાં લાંબા સમયથી થતા પાણીના ગળતર (સિપેજ)ને કારણે જમીન અંદરથી પોચી પડી ગઈ હતી અને અંતે બેસી ગઈ હતી. આ પરિસ્થિતિને થાળે પાડવા માટે જીએમઆરસી (GMRC) દ્વારા પ્રોએક્ટિવ અભિગમ અપનાવીને જાહેર હિતમાં તાત્કાલિક સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. સ્થળ પર કોંક્રિટના અનેક ટ્રાંઝિટ મિક્સરો ઉતારી દેવામાં આવ્યા છે અને સિંકહોલને મજબૂત કોંક્રિટ મિશ્રણથી ભરવાની પ્રક્રિયા પુર્ણ કરી દેવામાં આવી હોવાનું જાણવામાં આવ્યું છે.

#### મેટ્રોના કામ...

મકાનોમાં વાયબ્રેશન (ધ્રુજારી) અનુભવવાની શક્યતાને જોતા, મેટ્રો ઓથોરિટી દ્વારા સુરક્ષાના આગોતરા પગલાં રૂપે ચોક ક્રાઈમ બ્રાંચની ઓફિસ ખાલી કરાવવામાં આવી છે. મેટ્રો પ્રશાસને આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, આ પગલું માત્ર 'સેફ્ટી કન્સર્ન' માટે જ લેવાયું છે. અત્યાર સુધીના 6 કિમીના સમગ્ર ટનલિંગ કામ દરમિયાન ક્યાંય પણ મકાનો ખાલી કરાવવાની જરૂર પડી નહોતી, કારણ કે ત્યારે મશીન જમીન સપાટીથી 20 મીટર જેટલી ઊંડાઈએ કાર્યરત હતું. પરંતુ હાલમાં TBM સપાટીથી ખૂબ નજીક હોવાથી SVNIT ના તજજ્ઞોનો ટેકનિકલ અભિપ્રાય લેવામાં આવ્યો છે. નિષ્ણાતોના મતે, જેમ સપાટી નજીક આવે તેમ ધ્રુજારીનું પ્રમાણ વધે છે, જોકે હાલમાં કોઈ પણ મકાનને નુકસાન થયું નથી.

#### હવે માત્ર...

માટે સીમેન્ટ સાથે કેમિકલ મીક્સ કરીને જમીનને મજબુત (હાર્ડ) કરવામાં આવી છે જેથી ઓફિસને કોઈ નુકસાન ના થાય.

#### પતિ સાથે...

જીવન દરમિયાન તેમણે સંતાન નહીં થતાં અંજની તણાવમાં રહેતી હતી. મંગળવારે રાત્રે 8 વાગ્યાં પતિ નોકરી પર જવા માટે તૈયાર થઈ રહ્યો હતો. ત્યારે અંજનીએ તેને કહ્યું કે, મને કઈ સારું નથી લાગતું, જેથી પતિએ તેને મોબાઈલ ફોન આપીને ગયો હતો. દરમિયાન રાત્રે 10 વાગ્યાના સુમારે અંજનીએ રૂમમાં પતિના મોબાઈલના કેમેરામાં વીડિયો ચાલુ કરીને લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બનાવને સારોલી પોલીસના એએસઆઈ શિરીષભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

#### ભાજપને વોટ...

કર્યો હતો કે, પાકિસ્તાનના મુસલમાનો પણ હવે ભારત સાથે ભળી જવાની ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે કારણ કે ત્યાં દીકરીઓ સુરક્ષિત નથી. ભાજપ શાસનમાં દીકરી ભલે કોઈપણ ધર્મની હોય, તેની સામે નજર ઉઠાવનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ કહી તેમણે 'દીકરી ભારત માતાની છે' એવો ઉલ્લેખ કર્યો હતો.

#### 'વ્યસન મુક્તિ...

મત્તા કબજે લીધી છે. ક્રાઈમ બ્રાંચની ટીમને ખાનગી બાતમીદાર પાસેથી સચોટ માહિતી મળી હતી કે રૂકસાર શેખ નામની મહિલા મુંબઈથી એમ.ડી. ડ્રગ્સનો જથ્થો લઈને બપોરના સમયે ચોકબજાર ગાંધીબાગ સામે ડક્કા ઓવારા તરફના રોડ પર આવનાર છે. બાતમીમાં મહિલાના પહેરવેશ (કાળા કલરનો બુરખો) અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચે ગત તારીખ 03/02/2026 ના રોજ વોચ ગોઠવી 'પરિવર્તન વ્યસન મુક્તિ કેન્દ્ર' ના ગેટ પાસે રોડ પરથી રૂકસાર જાકિર જાફર શેખ (ઉ.વ.૩૧ રહેવાસી, નવી મુંબઈ થાણે (મહારાષ્ટ્ર) તથા બીજો માળ, ભગતવાલા એપાર્ટમેન્ટ, ખાટકીની ચાલ પાસે, મોમનાવાડ, સલાબતપુરા)ને ડ્રગ્સના જથ્થા સાથે પકડી પાડી હતી. તેની પાસેથી પોલીસે મેફેડ્રોન (MD) ડ્રગ્સ 65.430 ગ્રામ (કિંમત 1,96,290) મોબાઈલ ફોન 2 નંગ (કિંમત 40,000) મળી કુલ 2,37, 330નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક પૂછપરછમાં મહિલાએ કબૂલાત કરી હતી કે તે આ નશાનો જથ્થો મુંબઈના એક શખ્સ પાસેથી ખરીદીને લાવી હતી અને સુરત શહેરમાં પોતાના ગ્રાહકોને છૂટકમાં વેચવાની પેરવીમાં હતી. આ મામલે અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

#### અગ્રણી બિલ્ડર...

જણાવ્યું હતું કે, મારા પપ્પા હાલ મહાવીર હોસ્પિટલમાં એડમિટ છે, એમણે બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યા છે. મેં, મારી મમ્મી અને મારા દાદાએ સંપૂર્ણ અંગદાન માટે સંમતિ આપી છે. તેમના તમામ રિપોર્ટ સરકારની સોટોની ટીમને મોકલવામાં આવ્યા છે. હાલ આ રિપોર્ટના આધારે ઉપરથી એલોટ કરવામાં આવશે. ત્યારબાદ જે અંગો સારા હશે, તે લેવામાં આવશે. જેની જરૂરિયાતમંદ દર્દીઓને સેવા મળશે.

#### સણિયાકણદે...

છે પરંતુ કેટલીક હોસ્પિટલ દ્વારા બાયોમેડિકલ વેસ્ટ સીધું ફેંકી દેવામાં આવતું હોય તેવી ઘટનાઓ બને છે. આ પણ આવી જ ઘટના હતી. સુરત જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ અને પોલીસને જાણ કરવામાં આવતાં આરોગ્ય વિભાગે પ્રાથમિક તપાસ કરતાં આ બાયોમેડિકલ વેસ્ટમાં ગાયનેકોલોજીની દવાઓ, વિટામીનની દવાઓ સહિતની વિવિધ એક્સપાયરી ડેટની દવાઓ હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ અને પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે પરંતુ હજુ સુધી આ બાયોમેડિકલ વેસ્ટ કોનો હતો તેની વિગતો બહાર આપવા પામી નથી.


**કાળાચુડા કડવા પાટીદાર સમાજ અવસાન**

દિલગીરી સાથે જણાવવાનું કે, અમારી પુત્રી/માતા **સીમાબેન સુરેન્દ્રભાઈ પટેલ**(રાંદેર)નું તા. ૦૩-૦૨-૨૦૨૬ને મંગળવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.

પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના.

''સાદગી, સંસ્કાર અને સ્નેહની જીવંત પ્રતિમા ભૌતિક દેહ છોડીને પરમધામ વિરાજમાન થઈ સીમા''



**સ્વ. સીમાબેન સુરેન્દ્રભાઈ પટેલ**
સ્વ. તા. ૦૩-૦૨-૨૦૨૬

**પ્રાર્થનાસભા સંપન્ન થયેલ છે**
: મળવાનો સમય :
૦૫, ૦૬, ૦૭ ફેબ્રુઆરી ૨૦૨૬
ગુરૂવાર, શુક્રવાર, શનિવાર
સાંજે : ૪.૦૦ થી ૬.૦૦
(તમામ લૌકિક રિવાજ બંધ છે)

લિ.

| | |
|---|---|
| રાજેન્દ્રભાઈ બળદેવભાઈ પટેલ (કાકા) | મોહનીશ પટેલ (પુત્ર) |
| સુરેન્દ્રભાઈ બળદેવભાઈ પટેલ (પિતા) | યશસ્વ મોહનીશ પટેલ (પૌત્ર) |
| દલસુખભાઈ બળદેવભાઈ પટેલ (કાકા) | કલ્પેશભાઈ હરીશચંદ્ર પટેલ (ભાઈ) |
| દિનેશભાઈ રામચંદ્રભાઈ પટેલ (કાકા) | નેહલભાઈ હરીશચંદ્ર પટેલ (ભાઈ) |
| મનીષભાઈ જગદીશભાઈ પટેલ (ભાઈ) | જય, નિહાર, આયૂષ (ભાણેજ) |

નિવાસસ્થાન : સી/૧૦૦૩, વૈષ્ણોદેવી લાઈફ સ્ટાઈલ, નિશાલ સર્કલ પાસે, SMC સ્વીમીંગપુલ પાસે, પાલ, સુરત.